### હું કઈ રીતે દાતા બની શકું?

જો આપ નક્કી કરો કે આપના મૃત્યુ વખતે દાતા બનવા માંગો છો તો આપની ઈચ્છાઓ નોંધવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે આપે NHS અંગ દાતા રજીસ્ટરમાં જોડાવાની જરૂર છે. આપની સૌથી નજીક હોય તેવા લોકો સાથે આપના નિર્ણયની ચર્ચા કરો જેથી તેઓ આપની ઈચ્છાઓથી માહિતગાર થાય. રજીસ્ટરમાં આપનું નામ ઉમેરવું સરળ અને ઝડપી છે:

આપ

**organdonation.nhs.uk** પર ઑનલાઈન રજીસ્ટર થઈ શકો છો

અથવા **0300 123 23 23** પર કૉલ કરી શકો છો

અંગ અને કોશિકા દાન વિશે વધુ જાણવા માટે
**organdonation.nhs.uk**ની મુલાકાત લો

OLC230L2.1 2012

NHS Blood and Transplant

# અંગદાન અને ધાર્મિક માન્યતાઓ

## અંગદાન અને મુસ્લિમ માન્યતાઓની માર્ગદર્શિકા

### How do I become a donor?

If you decide you would like to become a donor on your death, you need to join the NHS Organ Donor Register to ensure your wishes are recorded. Discuss your decision with those closest to you so that they are aware of your wishes. Adding your name to the register is simple and quick:

You can register online at
**organdonation.nhs.uk**

Or call **0300 123 23 23**

To find out more about organ and tissue donation, visit
**organdonation.nhs.uk**

OLC230P 2012

NHS Blood and Transplant

# Organ donation and religious beliefs

## A guide to organ donation and Muslim beliefs

# ઈસ્લામ અને અંગદાન

## અંગ દાન

અંગદાન એ જેને પ્રત્યારોપણની જરૂર હોય તેવી કોઈ વ્યક્તિને મદદ કરવા માટે અંગની ભેટ છે. અંગ પ્રત્યારોપણ દ્વારા સેંકડો લોકોના જીવન દર વર્ષે બચાવવામાં કે સુધારવામાં આવે છે.

મૃત્યુ પામેલા લોકો દ્વારા દાન કરી શકાય તેવા અંગોમાં હૃદય, ફેફસાં, કિડની યકૃત, સ્વાદુપિંડ અને નાના આંતરડાનો સમાવેશ થાય છે. ચામડી, હાડકા, હૃદયના વાલ્વ અને કોર્નિયા જેવી કોશિકાનો પણ અન્યને મદદ કરવા માટે ઉપયોગ થઈ શકે છે.

દાન એ વ્યક્તિગત પસંદગી છે અને સમાન ધાર્મિક સમૂહોમાં પણ અભિપ્રાયો અલગ પડે છે

## અંગોનું દાન કરવા વિશે વિચારવું શા માટે અગત્યનું છે?

તબીબી પ્રગતિ સાથે હવે કિડની, યકૃત અને હૃદયની નિષ્ક્રિયતા જેવા જીવલેણ રોગોથી પીડાતાં લોકોની જીવનની શક્યતાને વધારવા માટે પ્રત્યારોપિત અંગો અને કોશિકાઓનો ઉપયોગ કરવો હવે શક્ય છે. હવે પહેલાં કરતાં વધારે લોકો આ રોગોથી પીડાય છે અને કેટલાંક વંશીય સમૂહોને અન્યો કરતાં વધારે અસર થઈ હોવાનું લાગે છે.

આજે જેને અંગની જરૂર હોય તેવી વ્યક્તિ અજાણી હોઈ શકે છે, પરંતુ આવતીકાલે તે વ્યક્તિ એ પણ હોઈ શકે છે જેને આપ જાણતાં હો અને ખૂબ ચાહતાં હો. તેથી કૃપા કરીને અંગ દાતા બનવા વિશે વિચારવા માટે આપનો સમય લો અને પ્રિયજનો સાથે આપના વિચારોની ચર્ચા કરો.

## સંમતિ

અંગોનું દાન થઈ શકે તે પહેલાં સંભવિત દાતાની સૌથી નજીકનાં લોકોની સંમતિ કે પરવાનગી હંમેશા માંગવામાં આવે છે. આ કારણે જો આપ દાતા બનવાનું નક્કી કરો તો આપની ઈચ્છાઓની આપના પ્રિયજનો સાથે ચર્ચા કરવી ખૂબ અગત્યની છે. અંગ દાન માટે સંમત થતાં ઘણાં પરિવારો કહે છે કે તેમને પડેલી ખોટમાંથી કંઈક સારું થયું હોવાનું જાણવું મદદરૂપ બને છે.

## અંગ દાન ક્યારે થઈ શકે?

ડૉક્ટર્સ અને તેમના સાથીઓ જીવન બચાવવા માટે શક્ય તેટલાં પ્રયત્નો કરવા માટે પ્રતિબદ્ધ છે. જીવન બચાવવા માટેના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા પછી અને જેઓ પ્રત્યારોપણ ટીમથી સંપૂર્ણપણે સ્વતંત્ર હોય તેવા ડૉક્ટર્સ દ્વારા મૃત્યુનું પ્રમાણ આપવામાં આવ્યા બાદ જ પ્રત્યારોપણ માટે અંગો કાઢવામાં આવે છે.

યુકેમાં મોટાભાગનાં દાન કરેલા અંગો એવા લોકોમાંથી આવે છે જેઓ મગજની ભારે ઈજાથી મૃત્યુ પામે છે અને જેઓ ઈન્ટેન્સિવ કૅર યુનિટમાં વેન્ટિલેટર પર હોય. મગજની ઈજાથી મગજના સ્તંભમાં અગત્યના કેન્દ્રોને નુકસાન થાય છે જે જીવન ટકાવવા માટે આવશ્યક હોય છે. ડૉક્ટર્સ આને 'બ્રેઈન સ્ટેમ ડૅથ' કહે છે. આ કૉમામાં હોવું કે 'સતત બેભાન અવસ્થા'માં હોવા બરાબર નથી. આ ક્યારે થયું છે તે નિષ્કર્ષ સાથે બતાવવા માટે કડક માર્ગદર્શિકાઓ પ્રમાણે પરીક્ષણો કરવામાં આવે છે. જ્યારે બ્રેઈન સ્ટેમ ડૅથ જાહેર કરવામાં આવે ત્યારે દર્દી હજીપણ વેન્ટિલેટર પર હોઈ શકે છે અને હૃદયના ધબકારા ચાલુ હોઈ શકે છે જે સમગ્ર શરીરમાં લોહીનું પરિવહન કરવાનું ચાલુ રાખે છે. આનાથી અંગોને મળતો ઑક્સિજનયુક્ત લોહીનો પુરવઠો ખોરવાતો નથી જે પ્રત્યારોપણના તંદુરસ્ત પરિણામ માટે જરૂરી હોય છે.

જેમનું હૃદય બંધ થવાને કારણે મૃત્યુનું પ્રમાણ આપવામાં આવ્યું હોય તેવા લોકો તરફથી પણ અંગોનું દાન થઈ શકે છે. જેમનામાં 'હૃદય ધબકતું ન હોય' તેવા આ દાતાઓમાં પ્રમાણપત્ર પણ એવા ડૉક્ટર્સ દ્વારા આપવામાં આવે છે જેઓ સંપૂર્ણપણે પ્રત્યારોપણ ટીમથી સ્વતંત્ર છે.

## કાળજી અને આદર

સંપૂર્ણ કાળજી અને આદર સાથે અંગો અને કોશિકાઓ દૂર કરવાની ક્રિયા કરવામાં આવે છે. પરિવાર ત્યારબાદ શરીર જોઈ શકે છે અને જો પરિવાર ઈચ્છે તો સ્ટાફ ચેપલેઈન અથવા સ્થાનિક ધાર્મિક નેતાનો સંપર્ક કરી શકે છે.

## ઈસ્લામ અને અંગદાન

ઈસ્લામમાં અંગ દાન અંગે બે વિચારધારાઓ છે. માનવશરીર, જીવંત હોય કે મૃત, તે એક વિશેષ સન્માનનું અધિકારપાત્ર છે અને તેને ભ્રષ્ટ ન કરી શકાય, અને મૂળભૂત રીતે, ઈસ્લામિક કાનૂન માનવ જીવનની જાળવણી પર ભાર મૂકે છે. સામાન્ય નિયમ કે **'જરૂરિયાતોથી પ્રતિબંધિતને પરવાનગી મળે છે'** (અલ્દારુરાત તુબિહ અલ-મહ્ઝુરત)નો ઉપયોગ અન્ય વ્યક્તિના જીવનને બચાવવા કે મહત્વપૂર્ણ રીતે સુધારવા સાથે સંબંધિત માનવ અંગદાનને સમર્થન આપવા માટે થયો છે, શરત એ કે જે વ્યક્તિગત કિંમત ચૂકવવી પડે તેની સામે લાભો વધારે હોવા જોઈએ. નીચે કેટલીક પંક્તિઓ છે જેનો ઉપયોગ અંગદાનને સમર્થન આપવા માટે થયો છે:

> **" જે કોઈપણ જીવનને બચાવે તે સમગ્ર માનવજાતના જીવનને બચાવવા બરાબર છે."**
> પવિત્ર કુર્આન, પ્રકરણ 5, પંક્તિ 32

> **" જે કોઈપણ અન્યને મદદ કરે તેને અલ્લાહ તરફથી મદદ મળશે."**
> મોહમ્મદ પયગંબર (pbuh)

> **" જો આપ બિમાર હો અને આપને પ્રત્યારોપણની જરૂર હોય તો આપ ચોક્કસપણે ઈચ્છશો કે કોઈ વ્યક્તિ જરૂરી અંગ પૂરું પાડીને આપને બચાવે."**
> શેખ ડૉ. એમએ ઝાકી બડવી, આચાર્ય, મુસ્લિમ કૉલેજ, લંડન

વૈકલ્પિક મત સ્પષ્ટપણે જણાવે છે કે:

> **" જીવન બચાવવું એ જ સર્વસ્વ નથી, પરંતુ જે ખર્ચ ભોગવવાનો છે તેની રકમને આધીન છે. તેથી, ઉપરોક્ત વાક્ય જીવન બચાવવા અંગે છે તેમ છતાં તે શરતના નિયંત્રણ વિના નથી.**

> **" સમાન રીતે મોટી સંખ્યામાં મુસ્લિમ વિદ્વાનોના મત પ્રમાણે અંગ દાન માન્ય નથી. તેઓ માને છે કે અંગદાનથી મનુષ્યને મળતું વિશેષ સન્માન નષ્ટ થાય છે અને આ કોઈપણ ભોગે માન્ય ન કરી શકાય. ઈસ્લામિક ફિખ એકેડમી ઑફ ઈન્ડિયા જેવા વિદ્વાનો માત્ર જીવંત દાનને જ માન્યતા આપે છે."**
> મુફ્તી મોહમ્મદ ઝુબૈર બટ્ટ, મુસ્લિમ કાઉન્સિલ ઑફ બ્રિટન

તેથી એ ખૂબ સ્પષ્ટ છે કે ઈસ્લામમાં:

> **" અંગ દાન એ ખૂબ વ્યક્તિગત પસંદગી છે અને વ્યક્તિએ પોતાની પસંદગીના વિદ્વાનનો અભિપ્રાય લેવાનો વિચાર કરવો જોઈએ."**
> મુફ્તી મોહમ્મદ ઝુબૈર બટ્ટ, મુસ્લિમ કાઉન્સિલ ઑફ બ્રિટન

આટલું કહ્યા બાદ, ઈસ્લામિક કાનૂનના મૂળભૂત હેતુઓમાંનો એક એ જીવનની જાળવણી છે. જેઓ અન્યોના જીવન બચાવે છે તેમને અલ્લાહ ભારે વળતર આપે છે.

આ બાબતમાં મદદ કરવા માટે વાચકનું ધ્યાન નીચેના જીવનરક્ષક ફતવા તરફ દોરવામાં આવે છે:

1995માં, UK સ્થિત મુસ્લિમ કાનૂન (શરિયાહ) કાઉન્સિલે ઠરાવ પસાર કર્યો કે:

- તબીબી વ્યવસાય એ મૃત્યુના ચિહ્નોની વ્યાખ્યા આપવા માટે યોગ્ય સત્તા છે
- હાલનું તબીબી જ્ઞાન મગજના સ્તંભના મૃત્યુને મૃત્યુની યોગ્ય વ્યાખ્યા માને છે
- કાઉન્સિલ મગજના સ્તંભના મૃત્યુને અંગ પ્રત્યારોપણના હેતુ માટે જીવનના અંતના આધાર તરીકે સ્વીકારે છે
- શરિયાહના નિયમોના આધાર પર દુ:ખ હળવું કરવા માટે અથવા જીવન બચાવવાના ઉપાયો તરીકે કાઉન્સિલ અંગ પ્રત્યારોપણને સમર્થન આપે છે
- મુસ્લિમો દાતા કાર્ડ રાખી શકે છે
- મૃત વ્યક્તિના નજીકના સગાં, દાતા કાર્ડ અથવા તેમના અંગોનું દાન કરવાની વ્યક્ત કરેલી ઈચ્છાની ગેરહાજરીમાં અન્ય લોકોના જીવન બચાવવા માટે શરીરમાંથી અંગો મેળવવાની પરવાનગી આપી શકે છે
- અંગદાન વળતર વિના મફત અપાવું જોઈએ, અંગોનો વ્યાપાર કરવો પ્રતિબંધિત છે
- મુસ્લિમ વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત એકડમી પૈકીની કેટલીકનાં મુસ્લિમ વિદ્વાનો દ્વારા આને સમર્થન આપવામાં આવે છે જેઓ પ્રત્યારોપણ માટે અંગદાન કરવાનું મુસ્લિમોને આહ્વાન કરે છે. આમાં નીચેનાનો સમાવેશ થાય છે:
  - ઈસ્લામિક ફિખ એકેડમી ઑફ ધ ઑર્ગેનાઈઝેશન ઑફ ઈસ્લામિક કોન્ફરન્સ (જે બધા મુસ્લિમ દેશોનું પ્રતિનિધિત્વ કરે છે)
  - ગ્રાંડ ઉલેમા કાઉન્સિલ ઑફ સાઉદી અરેબિયા
  - ઈરિનિયન રિલિજીયસ ઓથોરિટી
  - અલ-અઝહર એકેડમી ઑફ ઈજીપ્ટ

# Islam and organ donation

## Organ donation

Organ donation is the gift of an organ to help someone else who needs a transplant. Hundreds of people's lives are saved or improved each year by organ transplants.

Organs that can be donated by people who have died include the heart, lungs, kidneys, liver, pancreas and small bowel. Tissue such as skin, bone, heart valves and corneas can also be used to help others.

Donation is an individual choice and views differ even within the same religious groups.

## Why is it important to think about donating organs?

With medical advances it is now possible to use transplanted organs and tissues to enhance the life chances of those suffering from a range of terminal conditions such as renal, liver and heart failure. More people than before now suffer from these conditions and some ethnic groups seem to be more affected than others.

The person in need of an organ today may be a stranger, but tomorrow that person could be someone you know and love dearly. So please take the time to think about becoming an organ donor and discuss your thoughts with loved ones.

## Consent

The consent or permission of those closest to the potential donor is always sought before organs can be donated. This is why it is so important to discuss your wishes with your loved ones should you decide to become a donor. Many families who agree to organ donation have said that it helps to know some good has come from their loss.

## When can organ donation take place?

Doctors and their colleagues are committed to doing everything possible to save life. Organs are only removed for transplantation once all attempts to save life have failed and after death has been certified by doctors who are entirely independent of the transplant team.

Most donated organs in the UK come from people who die from a severe brain injury, and who are on a ventilator in an Intensive Care Unit. The brain injury will have damaged the vital centres in the brain stem which are essential to maintain life. Doctors call this 'brain stem death'. This is not the same as being in a coma or 'persistent vegetative state'. Tests are carried out to strict guidelines to show conclusively when this has happened. When brain stem death is pronounced the patient may still be on a ventilator, and have a heart beat which continues to circulate blood around the body. This prevents the organs from losing the oxygen-rich blood supply which is necessary for a healthier transplanted outcome.

Organs can also be donated from people whose death has been certified because their heart has stopped. Certification in these 'non-heart beating' donors is also by doctors who are entirely independent of the transplant team.

## Care and respect

The removal of organs and tissues is carried out with the greatest care and respect. The family can see the body afterwards and staff can contact a chaplain or local religious leader if the family wishes.

## Islam and organ donation

In Islam there are two schools of thought with regard to organ donation. The human body, whether living or dead, enjoys a special honour and is inviolable, and fundamentally, Islamic law emphasises the preservation of human life. The general rule that 'necessities permit the prohibited' (al-darurat tubih al-mahzurat), has been used to support human organ donation with regard to saving or significantly enhancing a life of another provided that the benefit outweighs the personal cost that has to be borne. The following are some verses which have been used to support organ donation:

> **" Whosoever saves a life, it would be as if he saved the life of all mankind."**
> Holy Qur'an, chapter 5, vs. 32

> **" Whosoever helps another will be granted help from Allah."**
> Prophet Muhammad (pbuh)

> **" If you happened to be ill and in need of a transplant, you certainly would wish that someone would help you by providing the needed organ."**
> Sheikh Dr MA Zaki Badawi, Principal, Muslim College, London

An alternative view clearly states that:

> **" The saving of life is not absolute, but subject to the amount of cost that has to be borne. Therefore, although the above quotation enjoins the saving of life this is not without restriction or caveats.**

> **" According to a similarly large number of Muslim scholars organ donation is not permitted. They consider that organ donation compromises the special honour accorded to man and this cannot be allowed whatever the cost. Scholars, such as the Islamic Fiqh Academy of India, allow live donations only."**
> Mufti Mohammed Zubair Butt, Muslim Council of Britain

Therefore it is very clear that in Islam:

> **" Organ donation is a very personal choice and one should consider seeking the opinion of a scholar of their choosing."**
> Mufti Mohammed Zubair Butt, Muslim Council of Britain

That said, one of the fundamental purposes of Islamic law is the preservation of life. Allah greatly rewards those who save the life of others.

To help in this matter the reader's attention is drawn to the following life-saving Fatwa:

In 1995, the UK-based Muslim Law (Shariah) Council resolved that:

- the medical profession is the proper authority to define signs of death
- current medical knowledge considers brain stem death to be a proper definition of death
- the Council accepts brain stem death as constituting the end of life for the purpose of organ transplantation
- the Council supports organ transplantation as a means of alleviating pain or saving life on the basis of the rules of the Shariah
- Muslims may carry donor cards
- the next of kin of a dead person, in the absence of a donor card or an expressed wish to donate their organs, may give permission to obtain organs from the body to save other people's lives
- organ donation must be given freely without reward, trading in organs is prohibited
- this is supported by Muslim scholars from some of the most prestigious academies of the Muslim world who call upon Muslims to donate organs for transplantation. These include:
  - the Islamic Fiqh Academy of the Organisation of Islamic Conference (representing all Muslim countries)
  - the Grand Ulema Council of Saudi Arabia
  - the Iranian Religious Authority
  - the Al-Azhar Academy of Egypt